Extra No. 310

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **MONDAY, SEPTEMBER 1, 2025 / BHADRA 10, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જાહેરનામુ

ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા - ૨૦૨૩ ની કલમ ૧૬૩ હેઠળ બહાર પાડેલ

ન.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૦૧/૨૦૨૫.-રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી, નવી દિલ્લી દ્વારા NEET PG 2025ની પરીક્ષા આગામી તા.૦૩/૦૮/૨૦૨૫ના રોજ યોજાનાર છે. જે અન્વયે અત્રેના આણંદ જિલ્લામાં આવેલ (૧) ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડે ટેકનોલોજી, મુ.ચાંગા, (૨) સરદાર પટેલ કોલેજ ઓફ એન્જીનીયરીંગ, SPEC, બાકરોલ-વડતાલ રોડ, મુ.વલ્લભ વિદ્યાનગર, (૩) દર્શ ઈન્ફોટેક, ત્રીજો માળ, સીગ્મા કોમ્પલેક્ષ, ૩૦૭-૩૧૪, ડી. માર્ટ ઉપર, સરદાર પટેલ સ્ટેચ્યુ પાસે, મુ.વલ્લભ વિદ્યાનગર, (૪) આણંદ ડીઝીટલ ઝોન, કર્ણાવતી સૌરસાયટી, જલતરંગ સોસાયટી પાછળ, કરમસદ રેલ્વે સ્ટેશન રોડ, કરમસદ આરોગ્ય કેન્દ્ર પાસે, મુ.કરમસદ, (૫) એકટીવ ડીઝીટલ ઝોન, કરમસદ કેળવણી મંડળ, શ્રીમતી સી.જે.પટેલ ઈંગ્લીશ મીડીયમ સ્કુલ કેમ્પસ, આણંદ સોજીત્રા રોડ, દર્શન હોટલ સામે, મુ. કરમસદ પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષાનું સુચારુ અને નિષ્પક્ષ સંચાલન થાય તેમજ સંચાલન થાય તેમજ પરીક્ષા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય પરીક્ષા બોર્ડ, મેડિકલ સાયન્સ, નવી દિલ્હીના તા.૧૫/૦૭/૨૦૨૫ ના પત્ર નં.NBEMS/OSD/PNBEMS/2025/250 થી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સુચના થઈ આવેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ભારતીય નાગરીક સુરક્ષા સહીંતા- ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂઈએ તા.૦૩/૦૮/૨૦૨૫ ના રોજ સવારના ૦૭:૦૦ કલાક થી બપોરના ૧૫:૦૦ કલાક દરમ્યાન ઉપર મુજબના પરીક્ષા કેન્દ્રએ નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધ :-

(૧) પરીક્ષા કેન્દ્રની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિત તથા સંબંધિત પરીક્ષા કેન્દ્ર જે શાળામાં આવેલ હોય તે શાળાના સંચાલક મંડળના સભ્યશ્રીઓ કે હોદેદારોને પરીક્ષા કેન્દ્રમાં કે કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાના દિવસે અને સમય દરમ્યાન પ્રવેશ માટે પ્રતિબંધ ફરમાવું છું.

(૨) પરીક્ષા કેન્દ્રની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરથી ૩૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ તમામ ઝેરોક્ષ મશીન, સાયબર કાફે, ફોટોકોપી સેન્ટર પરીક્ષાના દિવસો દરમ્યાન સવારના ૦૭:૦૦ કલાક થી બપોરના ૧૫:૦૦ કલાક દરમ્યાન ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૩) પરીક્ષાના કેન્દ્રમાં કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈ પણ કર્મચારી (સરકારી પ્રતિનિધિ સિવાય) તેઓને મોબાઈલ ફોન કે ઈલેક્ટ્રોનિક માધ્યમથી સંદેશા વ્યવહાર કે રેકોડીંગ થઈ શકે તેવા કોઈપણ પ્રકારના ઉપકરણો પરીક્ષા બિલ્ડીંગમાં લઈ જવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૪) પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજયામાં પરીક્ષાથી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિત ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહી.

(૫) પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજયામાં જાહેરમાં લાઉડસ્પીકર કે મ્યુઝિક બેન્ડ કે ડી.જે. મ્યુઝિક સીસ્ટમ વગાડવા પર સંપૂર્ણ પ્રતિબંધ.

અપવાદ :-

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીશ્રીઓ અને પરીક્ષા કેન્દ્ર નજીક પર મુકેલા સલામતી કર્મચારીઓ તથા પરીક્ષાની ફરજોનો હવાલો સંભાળતા અધિકારીઓ તેમની વિધિસરની ફરજો દરમ્યાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

આ હુકમ આણંદ જિલ્લામાં NEET-PG 2025 માટે નક્કી કરવામાં આવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર લાગુ પડશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામા ભંગ બદલ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા.૩૧/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી હુકમ બહાર પાડવામાં આવ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
આણંદ

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ - ૩૩ (૧) (ફ) અન્વયેનો

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૦૨/૨૦૨૫.-૩૦ ગુજરાત બટાલીયન એન.સી.સી., ગોધરાનાઓને તેમના તા.-૩૦/૦૭/૨૦૨૫ના પત્રથી તા.૦૧/૦૮/૨૦૨૫ થી તા. ૧૦/૦૮/૨૦૨૫ સુધી થામણા એજ્યુકેશન ટ્રસ્ટ, મુ.થામણા, તા.ઉમરેઠ, જિ.આણંદ ખાતે વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ કેમ્પ યોજવા માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે પોલીસ અધિક્ષકશ્રી, આણંદે તેમના તા.૩૦/૦૭/૨૦૨૫ના પત્ર ક્રમાંક: સીબી-૫/ફાયરીંગ જાહેરનામું/૧૪૭૭૬/૨૫થી જાહેરનામુ બહાર પાડવા દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

સબબ હું ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ સને ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ -૩૩(૧)(ફ) થી મને મળેલ સત્તાની રૂઈએ ઉમરેઠ પો.સ્ટે.ની હદમાં આવેલ થામણા એજ્યુકેશન ઈન્સ્ટીટયુટ, થામણા(એક કિલોમીટર) વિસ્તારમાં તા.૦૧/૦૮/૨૦૨૫ થી તા.૧૦/૦૮/૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) પશુઓ તથા માણસોની હેરાફેરી તથા જાહેર ઉપયોગ માટે બંધ કરવા ફરમાવું છું.

સદરહુ કેમ્પ દરમ્યાન જાહેર જનતાને ફાયરીંગ બટના સમગ્ર વિસ્તારમાં વગર પરવાનગીએ પ્રવેશ કરવો નહી તથા પોતાના આશ્રિત પશુઓ વગેરેને આ સ્થળથી દુર રાખવા તથા સદરહુ જગામાં પશુઓ અવર જવર કરે નહી તેની તકેદારી રાખવી.

આ જાહેરનામાના ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની ૧૩૧ હેઠળ કલમ શિક્ષાને પાત્ર થશે.

મે આજરોજ તા.૦૧/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

સુધારા જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ - ૩૩ (૧) (બી) અન્વયેનો હુકમ

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૦૩/૨૫.-ઉમરેઠ-હમીદપુરા ચોકડી-રતનપુરા-ગંગાપુરા-ભાલેજ રાજ્ય ધોરીમાર્ગ પર રતનપુરા ગામ પાસેના જર્જરીત બ્રીજ જર્જરીત/જોખમી હાલતમાં હોઈ સલામતીના હેતુથી બ્રીજ ઉપર માત્ર ટુ-વ્હીલર તથા પગપાળા માટે અવર-જવર હેતુ ચાલુ રાખી બાકીના ટ્રાફીકને નીચે મુજબ વૈકલ્પિક રસ્તા ઉપર ડાયવર્ટ કરવા અંગેનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, નડીયાદ સિંચાઈ વિભાગના

ના પત્ર નં.પી.બી/જાહેરનામું/૨૪૭૯/૨૦૨૫ તા.૧૦/૦૭/૨૦૨૫ અન્વયે નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૯૧ /૨૫ તા. ૧૧/૦૭/૨૦૨૫ થી જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવેલ જે અન્વયે કાર્યપાલક ઈજનેરશ્રી, નડીયાદ સિંચાઈ વિભાગના ના પત્ર નં.પી.બી/જાહેરનામું/૨૬૦૨/૨૦૨૫ તા. ૩૦/૦૭/૨૦૨૫ થી તમામ પ્રકારના વાહન વ્યવહાર બંધ કરી ફક્ત પગપાળા અવર-જવર હેતુ ચાલુ રાખી બાકીના ટ્રાફીકને નીચે મુજબ વૈકલ્પિક રસ્તા ઉપર ડાયવર્ટ સુધરા જાહેરનામ સારુ દરખાસ્ત કરવામાં આવેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ આ આદેશની તા.૦૨/૦૮/૨૦૨૫ થી તા.૧૫/૦૬/૨૦૨૬ સુધી નીચે જણાવેલ રૂટ ઉપર વાહનોને ડાયવર્ટ કરવા હુકમ કરુ છું.

(B) <u>વાહન વ્યહાર ઉપર પ્રતિબંધીત મુકવાના માર્ગ</u> :

૧. હમીદપુરા ચોકડી થી રતનપુરા ગામ તરફ જતો ટુ-વ્હીલર સહીત તમામ વાહન વ્યવહાર

૨. રતનપુરા ગામથી હમીદપુરા ચોકડી તરફ આવતો ટુ-વ્હીલર સહીત તમામ વાહન વ્યવહાર

(B) <u>વાહન વ્યવ્હાર પસાર થવાના વૈકલ્પીક માર્ગ</u> :-

૧. હમીદપુરા ચોકડી થી રતનપુરા ગામ તરફ જતો તમામ વાહન વ્યવહાર

ઉમરેઠ-ઓડ ચોકડી- ડાકોર નડિયાદ હાઈ-વે પર પરવટા બસ સ્ટેન્ડ થી ડાબી બાજુ વળી ઓડ પરવટા રોડ પર ગમનપુરા ગામ થઈ રેલ્વે ફાટક ક્રોસ કરી તરત જમણી બાજુ વળી રતનપુરા ગામ જઈ શકાશે. (૭.૮ કીમી.)

૨. રતનપુરા ગામથી હમીદપુરા ચોકડી તરફ આવતો તમામ વાહન વ્યવહાર

રતનપુરા ગામથી રતનપુરા ભાલેજ રોડ પર ગમનપુરા રેલ્વે ફાટકથી જમણી બાજુ વળી ઓડ પરવટા રોડ પર ગમનપુરા ગામ થઈ આગળ ડાકોર-નડિયાદ માર્ગ પર પરવટા બસ સ્ટેન્ડ થી જમણી બાજુ વળી ઓડ ચોકડી-ઉમરેઠ જઈ શકાશે. (૭.૮ કીમી.).

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા કાર્યપાલક ઈજનેરશ્રી, નડીયાદ સિંચાઈ વિભાગ દ્વારા કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજે તા.૦૨/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
આણંદ

સુધારા જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ - ૩૩ (૧) (બી) અન્વયેનો હુકમ

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૦૪/૨૫.-ઉમરેઠ-નવાપુરા ચોકડી-બેચરી-સુરેલી ચોકડી-સુંદલપુરા (SH) પર બેચરી ગામ પાસેના જર્જરીત બ્રીજ જર્જરીત/જોખમી હાલતમાં હોઇ સલામતીના હેતુથી બ્રીજ ઉપર માત્ર ટુ-વ્હીલર તથા પગપાળા માટે અવર-જવર હેતુ ચાલુ રાખી બાકીના ટ્રાફીકને નીચે મુજબ વૈકલ્પિક રસ્તા ઉપર ડાયવર્ટ કરવા અંગેનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, નડીયાદ સિંચાઈ વિભાગના ના પત્ર નં.પી.બી/જાહેરનામું/૨૪૭૮/૨૦૨૫ તા.૧૦/૦૭/૨૦૨૫ અન્વયે નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૯૨ /૨૫ તા.૧૧/૦૭/૨૦૨૫ થી જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવેલ જે અન્વયે કાર્યપાલક ઈજનેરશ્રી, નડીયાદ સિંચાઈ વિભાગના ના પત્ર નં.પી.બી/જાહેરનામું/૨૬૦૧/૨૦૨૫ તા.૩૦/૦૭/૨૦૨૫ થી તમામ પ્રકારના વાહન વ્યવહાર બંધ કરી ફકત પગપાળા અવર-જવર હેતુ ચાલુ રાખી બાકીના ટ્રાફીકને નીચે મુજબ વૈકલ્પિક રસ્તા ઉપર ડાયવર્ટ સુધરા જાહેરનામ સારુ દરખાસ્ત કરવામાં આવેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ આ આદેશની તા.૦૨/૦૮/૨૦૨૫ થી તા.૧૫/૦૬/૨૦૨૬ સુધી નીચે જણાવેલ રૂટ ઉપર વાહનોને ડાયવર્ટ કરવા હુકમ કરુ છું.

(B) વાહન વ્યહાર ઉપર પ્રતિબંધીત મુકવાના માર્ગ :-

૧. નવાપુરા ચોકડી થી બેચરી -સુરેલી ચોકડી તરફ જતો ટુ-વ્હીલર સહીત તમામ વાહન વ્યવહાર

૨. સુરેલી ચોકડી-બેચરી થી નવાપુરા ચોકડી તરફ આવતો ટુ-વ્હીલર સહીત તમામ વાહન વ્યવહાર

(B) વાહન વ્યવ્હાર પસાર થવાના વૈકલ્પીક માર્ગ :-

૧. નવાપુરા ચોકડી થી બેચરી -સુરેલી ચોકડી તરફ જતો તમામ વાહન વ્યવહાર

નાના તથા મધ્યમ વાહનો :-

ઉમરેઠ-ઓડ ચોકડી-હમીદપુરા ચોકડી થી જમણી બાજુ વળી નવાપુરા ચોકડી થી આગળ નવાપુરા ગામ થી વડ પાસેથી જમણી બાજુ-ભાટપુરા ગામ -સરકારી માધ્યમિક શાળા થઈ ને નહેર વી.આર.બી. થઈ ને ગરાશીયાપુરા થઈ આગળ સુરેલી-બેચરી માર્ગ પર ડાબી બાજુ વળી સુરેલી ગામ-સુરેલી ચોકડી થી આગળ જઈ શકાશે. (૮.૭ કીમી.)

ભારે વાહનો :-

- ઉમરેઠ-ઓડ ચોકડી-હમીદપુરા ચોકડી થઈ આગળ ઓડ ગામ થી ડાબી બાજુ ભરોડા ગામ થઈ સુરેલી ચોકડી થી આગળ જઈ શકાશે. (૧૯ કીમી)

૨. સુરેલી ચોકડી-બેચરી થી નવાપુરા ચોકડી તરફ આવતો તમામ વાહન વ્યવહાર

નાના તથા મધ્યમ વાહનો :-

- સુરેલી ચોકડી- સુરેલી ગામ થઈ સુરેલી બેચરી માર્ગ પર જમણી બાજુ વળી ગરાશીયાપુરા થઈ નહેર વી.આર.બી. થઈ ભાટપુરા ગામ -સરકારી માધ્યમિક શાળા થઈ ને નવાપુરા ચોકડી થી આગળ હમીદપુરા ચોકડી થી જમણી બાજુ વળી ઓડ ચોકડી ઉમરેઠ જઈ શકાશે. (૮.૭ કીમી.)

ભારે વાહનો :-

-સુરેલી ચોકડી થી ભરોડા ગામ થઈ ઓડ ગામ આગળ જેમણી બાજુ વળી હમીદપુરા ચોકડી ઓડ ચોકડી - ઉમરેઠ જઈ શકાશે. (૧૯ કીમી).

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા કાર્યપાલક ઈજનેરશ્રી, નડીયાદ સિંચાઈ વિભાગ દ્વારા કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જતે સ્થળોએ મુકવાના રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા.૦૨/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા ૩૭(૩) અન્વયે.

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આર./૧૦૫/૨૦૨૫.-આગામી દિવસોમાં રક્ષાબંધન, ૧૫ મી ઓગષ્ટ, જન્માષ્ટમી તથા મહોરમના તહેવારો ઉજવવામાં આવનાર હોય, તેમજ અત્રેના જિલ્લાની હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુસર ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧),૩૭(૩) અન્વયે તા.૦૭/૦૮/૨૦૨૫ થી તા.૨૧/૦૮/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સુધ્ધાંત)નું

જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સારૂ પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ તેમના તા.૦૫/૦૮/૨૦૨૫ ક્રમાંક:એલઆઈબી/કા.વ્ય/જાહેરનામુ/૧૧૮૩/૨૦૨૫ થી દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (G.A.S), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા ૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઈએ સમગ્ર આણંદ જીલ્લામાં તા.૦૭/૦૮/૨૦૨૫ થી તા.૨૧/૦૮/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારિરીક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું.

(૨) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય/ બિન અધિકૃત રીતે ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવુ નહી. ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તથા સરઘસ કાઢવું નહી.

વિસ્તાર : સમગ્ર આણંદ જીલ્લો.

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ. રસ્તાની ફુટપાથ, ગલીઓ અને પેટા ગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

અપવાદ: આ હુકમનો ખંડ-૧ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય જેઓ ફરજ ઉપર હોય તથા અશક્ત લોકોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

મે આજરોજ તા.૦૫/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઇ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમની કલમ -૩૩(૧)(ફ)

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આર./૧૦૬/૨૦૨૫.-ગુજરાત ગર્લ્સ બટાલીયન એન.સી.સી., આણંદનાઓને તેમના તા.૦૧/૦૮/૨૦૨૫ ના પત્રથી તા.૨૧/૦૮/૨૦૨૫ થી તા.૩૦/૦૮/૨૦૨૫ સુધી થામણા એજ્યુકેશન ટ્રસ્ટ, મુ.થામણા, તા.ઉમરેઠ, જિ.આણંદ ખાતે વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ કેમ્પ યોજવા માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે પોલીસ અધિક્ષકશ્રી, આણંદે તેમના તા.૧૩/૦૮/૨૦૨૫ના પત્ર ક્રમાંક: સીબી-૫/ફાયરીંગ જાહેરનામું/૧૫૫૬૯/૨૫થી જાહેરનામુ બહાર પાડવા દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

સબબ હું ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ સને ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ -૩૩(૧)(ફ) થી મને મળેલ સત્તાની રૂઈએ ઉમરેઠ પો.સ્ટે.ની હદમાં આવેલ થામણા એજ્યુકેશન ઈન્સ્ટીટયુટ, થામણા(એક કિલોમીટર) વિસ્તારમાં તા.૨૧/૦૮/૨૦૨૫ થી તા.૩૦/૦૮/૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) પશુઓ તથા માણસોની હેરાફેરી તથા જાહેર ઉપયોગ માટે બંધ કરવા ફરમાવું છું.

સદરહુ કેમ્પ દરમ્યાન જાહેર જનતાને ફાયરીંગ બટના સમગ્ર વિસ્તારમાં વગર પરવાનગીએ પ્રવેશ કરવો નહી તથા પોતાના આશ્રિત પશુઓ વગેરેને આ સ્થળથી દુર રાખવા તથા સદરહુ જગામાં પશુઓ અવર જવર કરે નહી તેની તકેદારી રાખવી.

આ જાહેરનામાના ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મે આજરોજ તા.૧૯/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઇ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા ૩૭(૩) અન્વયે.

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આર./૧૦૭/૨૦૨૪.-આગામી દિવસોમાં તા.૨૭/૦૮/૨૦૨૫ ના રોજ ગણેશ ચતુર્થી સ્થાપના, તેમજ તા.૦૫/૦૯/૨૦૨૫ ના રોજ ઈદ-એ-મિલાદ તથા તા.૦૬/૦૯/૨૦૨૫ ના રોજ ગણેશ વિસર્જનનો તહેવાર ઉજવવામાં આવનાર હોય, તેમજ અત્રેના જિલ્લાની હાલની પરિસ્થિતિને ધ્યાને લઇ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુસર ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧),૩૭(૩) અન્વયે તા.૨૨/૦૮/૨૦૨૫ થી તા.૦૫/૦૯/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સુધ્ધાંત)નું જાહેરનામુ પ્રસિદ્ધ કરવા સારૂ પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ તેમના તા.૧૯/૦૮/૨૦૨૫ના પત્ર ક્રમાંક:એલઆઈબી/કા.વ્ય /જાહેરનામુ/ ૧૨૩૦/૨૦૨૫ થી દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (G.A.S), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા ૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઇએ સમગ્ર આણંદ જિલ્લામાં તા૨૨/૦૮/૨૦૨૫થી તા.૦૫/૦૯/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઇ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારિરીક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું.

(૨) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય/ બિન અધિકૃત રીતે ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવુ નહી. ચાર કરતાં વધુ માણસોની કોઇ સભા ભરવી કે બોલાવવી નહી તથા સરઘસ કાઢવું નહી.

વિસ્તાર : સમગ્ર આણંદ જીલ્લો.

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ. રસ્તાની ફુટપાથ, ગલીઓ અને પેટા ગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

અપવાદ: આ હુકમનો ખંડ-૧ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય જેઓ ફરજ ઉપર હોય તથા અશક્ત લોકોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

મે આજરોજ તા.૨૦/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઇ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

:: જાહેરનામું ::

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તેમજ ગુજરાત પોલીસ એકટ કલમ-૩૩(૧), ૩૭(૧)(એફ) અન્વયે.

ક્રમાંક:પીઓએલ/૨/જાહેરનામુ/એસ. આર/૧૦૮/૨૦૨૫ આણંદ જિલ્લામાં કોઇ પણ પ્રકારની જાહેર સુલે શાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ સલામતિ અને કાયદા પ્રત્યે માન જળવાઇ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે નીચે જણાવ્યા મુજબના નિયમોને આધિન રહી જાહેરહિતમાં નીચેના કૃત્યોની માનઇ કરવી જરૂરી છે.

દરેક માઇક સીસ્ટમવાળાએ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રીમ કોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં.ગુપ્રનિબોર્ડ/નોઇસ/યુનિટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨ તા.૧૪/૦૫/૨૦૧૦ થી ઘોંઘાટ ઉત્પન્ન કરતા અને નિપજાવતા સ્ત્રોતોનો નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦ નું તા.૧૪/૦૨/૨૦૦૦ નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા.૧૧/૧/૨૦૧૦ ના રોજ આ નિયોમોમાં સુધારો કરવામા આવેલ છે.જે પ્રમાણે ધ્વનિ પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

નોઈસ સ્ટાન્ડર્ડ

એરીયા કોડ	વિસ્તાર	ડેસીબલ DB(A) Leq	
		સવારના ૦૬:૦૦ થી રાત્રીના ક.૨૨:૦૦	રાત્રીના ક.૨૨:૦૦ થી સવારના ક.૦૬.૦૦
એ	ઔદ્યોગીક	૭૫	૭૦
બી	વાણિજય	૬૫	૫૫
સી	રહેણાંક	૫૫	૪૫
ડી	શાંત વિસ્તાર	૫૦	૪૦

સામાન્ય રીતે દિવાળીમાં ફટાકડા ફુટવાના કારણે અને તહેવારો દરમ્યાન તેમજ લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમ્યાન લાઉડસ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગથી ધ્વનિ પ્રદુષણ ફેલાતું જોવા મળે છે. તેમજ રહેણાંક વિસ્તારમાં થઈ રહેલ ઔધોગીક પ્રવૃતિ, વાહનોની અવર-જવર તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે પણ ધ્વનિ પ્રદૂષણ ફેલાતું જોવા મળે છે.

તા.૧૧/૦૧/૨૦૧૦ ના સુધારામાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આર્કષક બાબતો નીચે મુજબ છે.

(અ) રાત્રિના સમયગાળામાં રાત્રિના ક.૨૨:૦૦ થી સવારના ક.0૬:00 સુધીનો નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદૂષણ પેદા કરતા બાંધકામ અંગેના સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડસ્પીકર અને વાજીંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(બ) જાહેર સ્થળોની વ્યાખ્યા નકકી કરાયેલ છે અને જાહેર સ્થળનો કબજો ધરાવનાર ધ્વારા લાઉડસ્પીકર સિસ્ટમનો તથા અન્ય સાધનોથી ઉત્પન્ન થતાં અવાજની માત્રા જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી (એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(ક) ઉપર મુજબ ખાનગી સ્થળે થતી કાર્યવાહીના કારણે, જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-ડીબી (એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

-:: હુકમ ::-

વાસ્તે હું ઋતુરાજ દેસાઇ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩, તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧), ૩૭(૧)(એફ) અન્વયે મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરવામું છું.

-: અમલવારીનો સમય :-

આણંદ જીલ્લામાં તા.૨૧/૦૮/૨૦૨૫ ના કલાક : ૦૧:૦૦ થી તા.૨૦/૦૯/૨૦૨૫ ના કલાક:૨૪:૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે.

-: વિસ્તાર :-

આણંદ જીલ્લાના હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

-: પ્રતિબંધ કૃત્ય :-

માઈક સીસ્ટમ ભાડે આપનાર માલિક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર સમગ્ર આણંદ જીલ્લાના હુકમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ, ભાડે આપી શકશે નહી.

૧. હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહી.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો / ગાયનોની માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં

૩. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો/ કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબા જાહેરમાર્ગમાં રોકાઈને કરવા નહી.

૪. ડી.જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર ક્વોલિટી સ્ટાર્ડડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાનાં નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર ક્વોલિટી સ્ટાન્ર્ડડ હોવુ જોઈએ તે જોતા ડી.જે. સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનો નો અને જોગવાઈ ઓનો ઉલંઘન કરતા હોય તેવુ જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોકત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે

-: માઈક સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો :-

૧. માઈક સીસ્ટમ વગાડવો માટે તેના માલિક/ભાગીદારે પરવાનગી અરજી સંબંધિત મામલતદાર કચેરી ખાતે અરજી ૭-દિવસ પહેલા જે તે આયોજકે લેવાની રહેશે. આ ઉપરાંત સદરહું કાર્યક્રમ કે સભા સરઘસ અંગે આયોજક સિવાય જે તે ડીજે/લાઉડસ્પીક માલીક/સંચાલક/ઓપરેટર દ્વારા પણ અલગથી અને સ્વતંત્ર રીતે આવી સીસ્ટમ લગાડવા માટે The Noise Pollution (Regulation & Control) Rules-2000 મુજબ અલગથી ફરજીયાત પરવાનગી મેળવવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે.

૨. આયોજકની પૂરતી ચકાસણી સક્ષમ સત્તાધિકારીએ પરવાનગી આપતા પહેલા કરવી તથા આયોજક વતી પરવાનગી માંગનારને પરવાનગી ન આપીને ફકત આયોજકની ખરાઈ કરીને જ પરવાનગી આપવાની રહેશે આ જ નિયમ ડીજે/લાઉડસ્પીકર અંગેની પરવાનગી માંગનારને પણ લાગુ પડશે.

૩. આયોજકને પરવાનગી આપતી વખતે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના તા.૦૩/૧૨/૨૦૧૯નાં નોટિફિકેશના નિયમોનું પાલન કરવાનું રહેશે તેમજ નિર્ધારિત કરવામાં આવેલ માપદંડો પ્રમાણે મર્યાદામાં ડીજે/લાઉડસ્પીકર વગાડશે તે અંગેની બાહેધરી લેવાની રહેશે. ડીજે/લાઉડસ્પીકર માલિક/સંચાલક/operator એ પણ અલગથી પરવાનગી લેવાની રહેશે તેમજ તેમના દ્વારા પણ ઉપરોક્ત બાંહેધરી અલગથી અને સ્વતંત્ર રીતે આપવાની રહેશે.

૪. જે-તે આયોજક તથા જે-તે ડીજે/લાઉડસ્પીકર માલિક/સંચાલક/operator એ પરવાનગી મેળવતી વખતે પરવાનગી આપનાર સત્તાધિકારીને અલગ-અલગ રીતે બાહેધરી આપવી પડશે કે "અવાજનુ સ્તર પ્રવર્તમાન ધ્વનિ પ્રદૂષણ નિયમો, ૨૦૦૦માં નિર્ધારિત ધોરણો મુજબ જાળવવામાં આવશે અને જો અવાજનું સ્તર નિર્ધારિત ધોરણો કરતા વધી જશે તો તેઓ સક્ષમ સત્તાધિકારી દ્વારા થનાર નિયમાનુસારની તમામ કાયદેસરની કાર્યવાહી માટે જવાબદાર રહેશે

૫. વરઘોડા/રેલી સમય દરમ્યાનમાં ઉપરોકત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનિય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

૬. આણંદના વિસ્તારની અંદર જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહી. તેમજ અવાજનું પ્રદુષણ ફેલાવી શકશે નહીં.

૭. આવી પરવાનગી માટેની અરજી,લેખિત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યકિતની તેના ઉપર સહી હોવી જોઈએ.

૮. આવી પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહી તેટલા સમય પહેલા પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.

પરંતુ વાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી, પોતાની વિવેક બુધ્ધિ અનુસાર આપી શકશે.

૯. અરજદાર અથવા તેના પ્રતિનિધિએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોકત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેની પરવાનો જોવા માગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

૧૦. માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પરવાનગી મેળવીને ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવારના ક.૦૬:૦૦ થી રાત્રિના ક.૨૨:૦૦ સુધી જ થશે.

૧૧. અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ ૨૦૦૦ ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ રાત્રીના

ક.૨૨:૦૦ થી વહેલી સવારના ક.૦૬:૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ/ વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં. નોંધ :-ઉપરોકત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નકકી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના ક.૨૨:૦૦ ના જગ્યાએ ક.૨૪:૦૦ વાગ્યા સુધી મળી શકશે.

૧૨. કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ/ અવાજનો હવામાનમાં પ્રમાણ ઉપરોકત જણાવેલ શીડયુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રાનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

નોંધ:- કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. પરંતુ તેનો અવાજ જે તે સ્થળ થી બહાર જવો જોઈએ નહીં.

૧૩. મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સીસ્ટમ/વાજીંત્રની અવાજ એ રીતે મર્યાદીત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહીં.

૧૪. ગતિમાન વાહનમાંથી કોઈપણ માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ મામલતદારશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સિવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહીં. અથવા ચલાવવો નહીં.

૧૫. માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યકિત, આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ અધિક્ષકશ્રી, આણંદ અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈ પણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ/વાજીંત્ર વાપરવા મના કરવાનો હુકમ કરી શકશે.

૧૬. સાઉન્ડ સિસ્ટમ સાથે સાઉન્ડ લિમિટર ઈન્સ્ટોલ કરેલ ન હોય તેવા માલિક/સંચાલક/ operatorને મંજૂરી આપવાની રહેશે નહીં.

: શિક્ષા :

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ ૨૨૩ તથા જી.પી. એકટ કલમ ૧૩૧, ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે આણંદ જીલ્લામાં ફરજ બજાવતા અનામ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ ૨૨૩ તથા જી.પી. એકટ કલમ ૧૩૧, ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

મે આજરોજ તા.૨૧/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 15:51:46 IST